ગુજરાતી બીજી ચોપડીના અર્થ:

કવિતાની સમજુતી ભુગોળની વ્યાખ્યા વ્યાકરણ
તથા જોડાક્ષર વગેરે.


૩૫૫૦ બનાવનાર

ફકીરભાઈ કાસીદાસ.

સુરત ની નામદાર સર જમસેદજી જીજીભાઈવાળી નંબર
૨ આની છોકરાની નિશાળના વડા માહેતર
તેના દીકરા નગીનદાસ ફકીરભાઈ કાસીદાસની
પની છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ જગજીવનદાસ.

(સુધારો તથા વધારો કરેલી આવૃત્તિ અઢારમી.)
(સન ૧૮૬૭ના ૨૫ મા આક્ટ પ્રમાણે નોંધાવી છે

કીમત  ૨ આના

BOMBAY PRINTED AT THE
ANGLO-JEWISH AND VERNACULAR P
Opposite Musjid Bunder Railway Stati
BY AARON JACOB DIVEKAR.

સન ૧૮૮૮.

૩૫૫૦

ગૂજરાતી બીજી ચોપડીના અર્થ.

(ના)=નામ. (વિ)=વિશેષણ, (અ)=અવ્યય.
(સ)= સર્વનામ. (ક્રિ)=ક્રિયાપદ. (કૃ)=કૃદંત.

પાઠ ૧ લો.

ઉકેલતાં (કૃ) વાંચતાં, પારખતાં.
શીખામણ (ના) ફાયદાની વાત.
મજાની (વિ) સારી.
સાચવજો=સંભાળજો.
બોલીએ (ક્રિ) સાફ ઉઘાડીને કહીએ.
અક્ષરે=દરફતે, હરફે.
આવડ્યા=શીખ્યા.
બગાડશો (ક્રિ) ખરાબ કરશો.
વાહ=અરે! ઓહો!
દહાડા (ના) દિવસ.
પૂરા (વિ) બરાબર,
બોલ (ના) શબ્દ.
ડાહી ડાહી=ડાહાપણ ભરેલી, ફાયદાવાળી.
મા (અ) ના, નહિ.
ઠેકાણે (ના) જગોએ.
બગડે(ક્રિ) ખરાબ થાય.
ફાડવાં (ક્રિ) ચીરવાં.
વહેલું (ક્રિ) જલદી.
ભણવું (ક્રિ) શીખવું.
ઠીક (અ) બરાબર, સારી રીતે.
છેક (અ) ઘણું, બહુ.
તાણીને (કૃ) ખેંચીને.
ધીમે (વિ) હળવે.
સાદે (ના) અવાજે.
સૌ (સ) સઘળા, બધા.

પાઠ ૨ જો.

શોભાય=સારી દેખાય.
કારજ (ના) કામ.
દિલ (ના) મન, દીલ.
ચોપડીઓ=પોથીઓ.
હરખાય=ખુશી થાય.
સમજણ (ના) અક્કલ, સમજ.
વિગતેથી (ના) શબ્દે શબ્દની સમજણથી, વિગતવાર.
સાર (ના) મતલબ.
ચોપાઇ (ના) જેમાં ચાર પદ આવેલાં હોય તે.
સારી (વિ) મજાની.
દેખી (કૃ) જોઇ.
જીવ (ના) મન, ચિત્ત.
ધાલીને (કૃ) રાખીને.
જેમ=તેમ.
વિચાર (ના) મનસુબો.
સમજે (ક્રિ) જાણે.
સઘળો (વિ) બધો.

(કવિતાની સમજુતી). (૧).

સારી ચોપડીઓ હોય તે સારી દેખાય, તે જોઇને આપણું મન ખુશ થાય; પણ જો તે વિગતથી એટલે શબ્દે શબ્દ છૂટા પાડીને વંચાય તો આપણું કામ થાય. (૧).

• જેમ જેમ મન રાખીને વાંચે તેમ તેમાં સમજણ આવે; પણ વાંચ્યો જાય ને મનમાં કંઇ વિચાર કરે નહિ, તો તે માંહેલી બધી મતલબ સમજે નહિ. (૨).

પાઠ ૩ જો.

ચકલી (ના) મોટી ચકલી.
લાવ્યો=લેઇને આવ્યો.
પૂછ્યું=તજવીજ કીધી.
રાણા (ના) રાજા. [માં.
તપેલામાં (ના) પાતેલા-
બારણામાં(ના) ઘરમાં.
પેસાશે (ક્રિ) આવશે,
જવાશે. [કહ્યું.
બોલ્યો=જવાબ દીધો,
પાટો (ના) લાંબુ ફાડે-
લું ચીથરું.
ચકલો (ના) ચકલો. [ને.
ઓરીને(કૃ)રાંધવા મુકી-
બધી (વિ) સઘળી.
ઘડો (ના) દોરીઓ.
ઉતારો=લઇ લેઓ.
નાંખી (ક્રિ) ફેંકી.

પાઠ ૪ થો.

ફર્યાદ=રાવ, અરજ.
એકલાં (વિ) જાતે.
પકડાવી (કૃ) ઝલાવી.
મગાવ્યો=બોલાવ્યો.
મહારાજ=મોટા રાજા.
ગભરાઇને (કૃ) અકળા-
ઇને, ગાભરો થઇને.
હુકમ (ના) ફરમાસ.
કહ્યું = પૂછ્યું.
કને (અ) પાસે, સોડે.
જવાબ (ના) ઉત્તર.
દીધો (ક્રિ) વાળ્યો.
જૂઠો (વિ) લબાડ.
સાહેબ (ના) મેહેરબાન.
ફાડીને (કૃ) ચીરીને.
ફાડશો (કૃ) ચીરશો.

પાઠ ૫ મો.

બૂમેબૂમ=ઘાંટે ઘાંટા.
ગોવાળીઓ (ના) ગાય
ભેંસનો ચરાવનાર.
ગોવાળ (ના) ગાયોનું
• ટોળું, ગોવાળીઓ.
છેવટ (અ) છેલ્લે.
ગોવાળણી (ના) ગોવા-
ળીઆની બાયડી.
કાઢ્યો=બહાર આણ્યો.
નાંખ્યો (ક્રિ) ફેંક્યો.
ફૂટી(ક્રિ) ભાંગી.
કાણો (વિ) એક આંખે
આંધળો.
આગળ (અ) પાસે.
ખીર=મોળો દુધપાક.
પોળી (ના) પડવાળી
પાતળી રોટલી.

પાઠ ૬ ઠો.

તપાવી(ક્રિ) ઉની કરી.
પાટલો (ના) લાકડાનાં
પાટીઆનું કરેલું
બેસવાનું.
લુચ્ચાઇ (ના) દોંગાઇ.
ઠોક્યો (ક્રિ) માર્યો, અ-
ફાળ્યો, ઝીક્યો.
લાલચોળ (વિ) રાતી
રાતી, ધગધગતી.
દોરી (કૃ) તેડી.
જોડે (અ) સાથે.
લોઢી=લોઢાની તાવી.
ખૂબ (અ) ઘણુંજ.
બૂમ (ના) પોકાર, ઘાંટો.
ઉઠી (ક્રિ) ઉભી થઇ.
દાઝી (ક્રિ) બળી મુઇ.
ખોટી (વિ) જૂઠી, બ-
નાવટની.

પેઠે (અ) માફક.
વાંક (ના) તકસીર.
ફળ (ના) ફાયદો, હાંસલ.

પાઠ ૭ મો.

બહુ (વિ) ઘણું, મસ.
છોડી (ના) છોકરી.
ગાગર (ના) પાણી ભરવાનું ઘડા કરતા મોટું વાસણ.
ઓસડ (ના) દવા.
ઝેર (ના) વીખ, સોમલ.
સાજી (વિ) સારી.
રોજ (અ) હંમેશાં.
બગાડે (ક્રિ) ખરાબ કરે
લુગડાં (ના) કપડાં.
મેલાં (વિ) ખરાબ.
ડાહી (વિ) શાણી.
ખોટી=ખરાબ, આડી.
માને (ક્રિ) કહ્યું કરે.
માંદી (વિ) બીમાર.
વધારે (વિ) ઘણું, મસ.

પાઠ ૮ મો.

વરસાદ (ના) મેઘ.
ગીત (ના) રાગ કાઢીને ગાવાનું.
ઘેબરીઓ (વિ) ઘેબરના જેવો મીઠો.
પ્રસાદ (ના) ખાવાનું.
નેવલે (ના) નેવાંએ.
કારેલું (ના) એક જાતની તરકારી,
દેડકો (ના) એક જાતનો પશુ.
ગાજે (ક્રિ) રાગ કાઢીને બોલજે.
ઊની ઊની (વિ) ગરમાં ગરમ, તાવીપરથી ઉતરે તેવી.
શાક (ના) તરકારી.
નઠારી (વિ) ખરાબ.
તાણી (ક્રિ) ખેંચી.
સમજો છો? (ક્રિ) જાણો છો? ખબર છે?

પાઠ ૯ મો.

એકજ (વિ) સરખું.
જણુસ (ના) ચીજ.
ટટ્ટુ (ના) નાનો ઘોડો.
પારકો (વિ) અતરાપીનો, બીજા કોઇનો.

પાઠ ૧૦ મો.

પાડું (ના) ભેંસનું બચ્ચું.
જાળવે (ક્રિ) સાચવે.
રાતે=દીવા થયા પછી.
પટેલ=ગામનો ઉપરી.
નીરે (ક્રિ) નાંખે.
સંભાળ (ના) બરદાસ.
જતન (ના) બાલાશ.
જક્કી=જીદી, મમતી,
વાછરડું=ગાયનું બચ્ચું
વાડો (ના) ઘરની પાછળ ઢોર બાંધવાની ખુલ્લી જગો.
ચારો (ના) ઉગતું ઘાસ.
માંદું (વિ) બીમાર, આજારી, કાહેલી.
ઓસડવેસડ (ના) દવા અને તેના ઉપાય.
ચારવાને=ચરાવવાને, ઉગતું ઘાસ ખાવાને.
ખેતર (ના) અનાજ તથા ઘાસ પાકે તે જગા.
આણે (ક્રિ) લાવે.
ઊંચકીને (કૃ) ખાંધપર લઇને, ઊપાડીને.
સુખી (વિ) સુખીઆરાં.

પાઠ ૧૧ મો.

ચેન (ના) મજા, સુખ.
અહીંઆંથી (અ) આ ઠેકાણેથી.
બંદીખાને=કેદખાને.
ફરાય=ચલાય, હરાય.
વિચાર (ના) મનસુબો.
વાંસે (અ) પાછળ.
નીસરી=નાસી, નીકળી.
લાગ (ના) દાવ, તક.

સમજાવ્યુ (ક્રિ)શીખા-
મણ દઈને કહ્યું.
છુટું (વિ)બાંધ્યા વગરનું
મન (ના) મરજી.
મજા (ના) રમુજ.
ઘેલું (વિ) ગાંડું, અ-
ણસમજુ.
દુઃખી (વિ) હેરાન.
જડ (ના) જીદ, ખોસ.
છોડે (ક્રિ) મુકે, મેલે.

પાઠ ૧૨ મો.

ફાવ્યો (ક્રિ) જડયો,
હાથ આવ્યો.
અણસમજ (ના) બેસ-
મજ, બીન અક્કલ.
વગડામાં (ના) વનમાં.
કોતર (ના) ગુફા.
સટકી ગયું=નાસી ગયું
ડાહ્યો (વિ) સારો.
આગળ (અ) અગાડી.
ઢોર=ચોપગા જાનવર.
ઊંધી (કૃ) સુઈ.
મોડી રાતે=બહુ રાત
ગઈ ત્યારે.
છાનું માનું(વિ)ચુપચુપ
ઝાલીને (કૃ) પકડીને.
અંતે=છેવટે, છેવટે.
માનવી=કબુલ કરવી.
ભલું (વિ) સારું, રૂડું.
પાડોશી (ના) પાસેના
ઘરમાં રેહેનારા,
સૌ=બધા.
ડાહ્યાં=શાણાં, સમજુ.

પાઠ ૧૩ મો.

વિષે=બાબત.
છેક (અ) ઘણું, બહુ.
વાઘ (ના) ફાડી ખાનારૂં
અમર ચીતરૂં જના-
વર.
માન્યું (ક્રિ) કહ્યું કર્યું.
વાસ (ના) રેહેઠાણ.
ચરવાને (કૃ) ઉગતું ઘા-
સ ખાવાને.
પ્રાણ (ના) જીવ.
વનમાં (ના) રાનમાં.
દુખીઉં (વિ) હેરાન.
ચિત્ત (ના) મન.
અવસ્થા (ના) હાલ.
નાઠું (ક્રિ) જતું રહ્યું.
મન માન્યું=મનને ગમે-
તેટલું, દીલ લાગ્યું.
બળતાં (અ) પછી.
અજાણ=જાણીતું નહીં
તે (ઓચિંતું.)

(કવિતાની સમજુતી). (૨).

વાડામાં બધાં ઢોર બાંધ્યાં હતાં, તેમાંથી એક પાડું છૂટીને છેક આઘું નાસી ગયું; તેને ઘાસ ખાવાનું મન થયું તેથી નાસીને તે જંગલમાં જતું રહ્યું. (૧)

પછી ત્યાં જંગલમાં એક વાઘે તેનો જીવ લીધો. એવું અજાણપણે તે દુખીઉં થયું; જે બધાથી જુદું થવા જાય (બધાના મતથી ઉલટું ચાલે), તેના એવા હાલ સમજવા. (૨)

પાઠ ૧૪ મો.

માટી (ના) મટોડી.
પલાળેછે=ભીનાળેછે.
ચીકણી=ચોંટે એવી.
ઠીકરાંનાં (ના) કાદવના
ભરવાના (કૃ) ઘાલવાના
આથરકે (ક્રિ) જમાવે.
જાત (ના) તરેહ, રીત
ગોરસ (ના) દહીં દૂધનું
પાણીઉં, લાહ્યું.
કોડીઆં (ના) દીવા કર-
વાના માટીના પ્યાલાં.
નરમ (વિ) પોચી.
કામની (વિ) ખપની.
ગોળી=પીવાનું પાણી-
ભરી મૂકવાની માટલી
બેડું (ના) ગાગર ને ઘડો.
દોણી (ના) છાશ
લાવવાની ઘાડવી.
દાણા (ના) અનાજ.

પાઠ ૧૫ મો.

પાળે (ના) કોરે, કોરાણે
વાગ્યા (ક્રિ) ઇજા થઇ.
બગાડ (ના) નુકશાન.
ફેંકવા (ક્રિ) નાંખવા.
કાયર (અ) હેરાન.
મંડ્યા (ક્રિ) મચ્યાં.
તળાવ (ના) નાનું સ-
રોવર.
પથરે (ના) પથરાથી.
જવાબ (ના) ઉત્તર.
ધડાધડ (કૃ) જોરથી.
ગરીબ (વિ) અનાથ.
શામાટે (અ) કેમ ?
શું કરવા ?
રમત (ના) ખેલ, ગમત
સંભાળીને=સાચવીને.
કશોએ (વિ) કંઇપણ.

પાઠ ૧૬ મો.

બેનપણી (ના) સહિયેર
નોતરૂં (ના) તેડું, કહેણ
ભૂંગળી (ના) બળતું
કરવાની વાંસની
નળી.
વેલણ (ના) રોટલી વ-
ણવાનું હથિયાર.
તપેલી (ના) પાતેલી.
કડછી (ના) નરમ દાળ
લેવાનું પિત્તળ કે લો
ઢાનું હથિયાર.
તાસક (ના) ઢાંકણું.
વખત (ના) વેળા, સમય
રાંધું (ક્રિ) રસોઇ કરૂં
તેવડે (સ) તેણે કરીને.
થાળી=નાનો ખુમચો.
વાડકા (ના) ધાતુના ચ-
લાણા.
લાવીને (કૃ) આણીને.
મૂકશું (ક્રિ) મેલશું.

પાઠ ૧૭ મો.

મણા (ના) કસર.
ધાણી (ના) શેકયાથી ફૂ-
ટેલું અન્ન તે જુવાર
બાજરી વગેરે.
ખાવાનું (ના) કાચું કો-
રૂં શેકેલું તે.
પહુંઆ=ભાતને શેકીને
ખાંડી બનાવેલા તે
ભાંડવું=ખરાબ બોલવું.
ટેવ (ના) આદત, ખો.
લડેછે (ક્રિ) વઢેછે.
જરાએ (વિ) લગારે.
કજીઆ (ના) ટંટા.
મૂકાવી (ક્રિ) મેલાવી.
લાવીશ (ક્રિ) આણીશ.
વહેલી (વિ) જલદી.

પાઠ ૧૮ મો.

છોટીઓ=નાનો ભાઇ.
નાનું (વિ) નાદાન.
બાળક (ના) બચ્ચું.
મેલાય (ક્રિ) મૂકાય.
દેખાયછે=જણાયછે.
ભાણો (ના) ભાણીઓ ;
દીકરો ; (બેહેનનો
છોકરો) (ભાણેજ.)
આટલી (વિ) આવડી.
વાર (ના) વખત, દેર.

તેડવા (કૃ) બોલાવવા.
રોતો (કૃ) રડતો.
કામ (ના) ખપ, જરૂર.
હજી (અ) અત્યાર સુધી.
અલી (ના) છોકરીને નામ દીધા વગર બોલાવવું તે.

પાઠ ૧૯ મો.

નિશાળીઆ (ના) નિશાળમાં શીખનારા છોકરા.
કૂદાવતી (ના) કૂદકારા મારતી.
લાકડી (ના) ડંગોરી.
ભણેલાં (કૃ) શીખેલાં.
પરીક્ષા (ના) તપાસ.
ઇનામ=સરપાવ, ખુશીથી કંઈ આપવું તે.
સાહેબ (ના) શીનોર, ટોપી વાળો.
ચોકીના=પહેલા છોકરા.
મહેતાજી (ના) ગુરૂજી.
જોવા (કૃ) તપાસવા.

પાઠ ૨૦ મો.

ઉતાવળ (ના) તાકીદ.
અલ્યા (અ) છોકરાને નામ દીધા વગર બોલાવવો તે.
સામટું (વિ) એકીવારે.
નીકળ્યો (ક્રિ) બહાર આવ્યો.
ગાગર (ના) ઘડા કરતાં મોટું વાસણ.
મૂડો (ના) બાચકો.
સાંકડું (વિ) નાનું.
અટકી (કૃ) ઘલાઈ.
જણ (ના) માણસ.
પડતાં મૂક=પાછા નાંખ, રેહેવા દે.
ઝટ (અ) જલદી, તુરત
પેઠે (અ) માફક.
ફેરે (ના) વખતે.
છેલ્લીવારે=આખરે.
લગાર (વિ) જરા.
ભણવામાં=શીખવામાં.

પાઠ ૨૧ મો.

સાત પૂછડીઓ (ના) સાત પૂછડીવાળો.
બાંડો (વિ) પૂછડી કપાઇ ગયલો.
ખીજવવું (ક્રિ) ચીડવવું.
કપાવી (કૃ) વઢાવી.
હજામ (ના) વાળંદ.
ચીડવે (ક્રિ) ખીજવે.
બેટા (ના) દીકરા, છોકરા.
ખીજવ્યાથી (કૃ) ચીડવ્યાથી.
ખીજાઇએ=ચીડવાઇએ.

પાઠ ૨૨ મો.

કામકાજ (ના) ધંધો, રોજગાર.
સાંધા (ના) કટકા.
દરજી (ના) મેરાઈ, સુઇ
કલમ (ના) લેખણ.
કાતાળી=ચાંચવા જેવું ખોદવાનું હથિયાર.
બિચારો (વિ) બાપડો.
ધોબી (ના) લુગડાં ધોનાર.
અક્ષર (ના) હરફ.
મજૂર (ના) વેતરો, હેલકરી. [ઓ.
બાઇડીઓ (ના) બઇરીઓ.
સૂતર (ના) રૂને કાંતીને લાંબા કાચા દોરા કરેલા તે.
મોતી (ના) મુક્તાફળ.
વાળવાં (કૃ) મરડવા.
ખપ (ના) જરૂર, કામ.
વળાય (ક્રિ) મરડાય.
કાંતે (ક્રિ) રેંટી આવતી લાંબા તાંતણાં કરે.

પાઠ ૨૩ મો.

ધ્યાન (ના) ચિત્ત; મન.
પાંસરા (વિ) સીધા.
ફરો (ક્રિ) ચાલો, હરો.

વેળાસર (ના) વખતસર
માયા (ના) હેત.
મન (ના) ધ્યાન, ચિત્ત.
વઢવું (ક્રિ) લઢવું.
ભૂલ (ના) ચૂક, ગફલત.
પાઠ (ના) ધડો.
ભણવો (ક્રિ) શીખવો.
બતાવે (ક્રિ) દેખાડે.
કદી (અ) કદાચ.
ખોટું (વિ) ખરાબ.
ફરીને (અ) હવે પછી.
છૂટી (ના) રજા.

પાઠ ૨૪ મો.

નિત્યે (અ) રોજ.
નીસરી (કૃ) નીકળી.
ચિત્ત (ના) ધ્યાન, મન.
રૂડી (વિ) સારી.
પેર (અ) રીતે, પેઠે.
ગુરુની (ના) મેહેતાજીની.
ચોડી (કૃ) લગાડી.
શિક્ષા (ના) શિખામણ.
સમજો(ક્રિ) ધ્યાનઆપો.
પાંસરૂં (વિ) સીધું.

(કવિતાની સમજુતી). (૩).

ભાઇઓ તમારે રોજ નિશાળમાં જવું, ને ધ્યાન રાખીને ભણવું; ને મેહેતાજી આપણા ફાયદાની વાત કહે, તે બધાએ સારી રીતે માનવી (૧).

તમે રમતમાં ચિત્ત નહિ રાખો, ને વાત કહું તે સારી પેઠે સમજો; નિશાળમાંથી જ્યારે છુટી થાય ત્યારે ત્યાંથી નીકળી પાંસરા ઘેર ચાલ્યા જવું. (૨).

પાઠ ૨૫ મો.

વિઆવાની (કૃ) જણવાની.
ગાડાવાળો (વિ) ગાડું-હાંકનાર, ગાડી ચલાવનાર.
રોકીને (કૃ) ઘેરીને.
નીચે (અ) હેઠળ.
વિચાર્યું (ક્રિ) ધાર્યું.
રસ્તો (ના) માર્ગ, વાટ.
ઠેકાણું(ના)જગો, મુકામ.
બિચારે (વિ) બાપડે.
સારી (વિ) મજાની, વાંચવા લાયક.
ગામ (ના) જ્યાં થોડાંક ઘરની વસ્તી હોય તે.
ઊઠ (ક્રિ) ઊભી થા.
મૂર્ખ (વિ) બેવકૂફ.
ઊઠાડી(ક્રિ) ઉભી કરી.

પાઠ ૨૬ મો.

શેરડી (ના) ગળ્યા રસનો સાંઠો.
ટોપલી (ના) વાંસની છાલનો નાનો ટોપલો.
નળીઆં (ના) છાપરાપર ઢાંકવાને સારૂ માટીના બનાવેલા નળના બે ભાગ કરી પકવેલા તે.
કોપરાં (ના) ટોપરાં.
ભીંતો (ના) કાદવનો કરો.
છાયું (ક્રિ) બનાવ્યું.
દાણા (ના) અનાજ.
માર્ગ (ના) રસ્તો.
છાપરૂં (ના) ઘરનું ઢાંકણુ.
કાઢીને (કૃ) બહાર આણીને.

ભારો (ના) મોટી ભારી.
કનેથી (ના) પાસેથી.
ધણી (ના) માલીક, શેઠ.
દાંડા (ના) સાકટા.
ટોપરાં (ના) કોપરાં.
વિઆઇ (ક્રિ) જણ્યું.

પાઠ ૨૭ મો.

કમાડ (ના) બારણા.
ભીંતરડી (ના) ભીંત.
ઉઘાડશો=ખુલ્લા કરશો.
છાયાં (ક્રિ) ઢાંકયાં.
કેરાં (અ) નાં, તણાં.
રખડવા (કૃ) રઝળવા.
બારણાં (ના) કમાડ.
આડું (વિ) ઉંધું, વાંકું.
વાશીને (કૃ) દઇને.
વલે (ના) હાલ, હવાલ.
ચરવા (કૃ) ચારો ખાવા.
આમ (અ) આવી રીતે.
ઉઘાડો (ક્રિ) ખુલ્લા કરો.

પાઠ ૨૮ મો.

અમથી=ખોટી, જુઠી.
બહાર (અ) બારણે, (ઘરથી વેગળું).
આડું=ઉંધી સમજનું.
આવડતું (કૃ) જાણતું.
રઝળવા (કૃ) રખડવા.
સુખી (વિ) સુખીઆરૂં.
જોડેલી (વિ) બનાવેલી.
ખરી (વિ) સાચી.
બનેલી (કૃ) થયલી.
સમજ (ના) અક્કલ.
દુઃખ=વીપત, આપદા.

પાઠ ૨૯ મો.

રોતો (વિ) રડતો.
સવારમાં (ના) વાહાણામાં.
નહોર (ના) નખોરીઆં.
પહોળું (વિ) ઊઘાડું.
ચોપડયાં (ક્રિ) લગાડયાં.
તાણતો (કૃ) ખેંચતો.
ભેંકડો (ના) મોટે સાદે રડવું તે.
લાહે (ના) આગ, અગન.
સરખી (વિ) બરાબર.
બળવા=અગન ઉઠવા.
મટી (ક્રિ) જતી રહી.
મૂકી (ક્રિ) મેલી, છોડી.

પાઠ ૩૦ મો.

તાંબું } (ના) ધાતુનાં
પીતળ } નામ.
તાંબાકૂંડીઓ (ના) પાણી ભરી રાખવાનું એ કડાનું વાસણ.
ધોળાશપર (ના) સફેતી ઉપર.
અથડાય (ક્રિ) અફળાય.
માંજેલાં (કૃ) અજવાળેલાં, ચોખ્ખાં કરેલાં.
સાચવવાં (ક્રિ) સંભાળવા
ગરમાં (ના) રાંધેલું ઢાંકી મુકવાને મોટા વાડકા જેવા વાસણ.
ગોબાય (ક્રિ) ખાડો પડે.
ચળકતાં (કૃ) ઝળકતાં.
લાલ (વિ) રાતાં.
કથરોટ (ના) થાળી જેવું છાછરૂં પણ તેથી મોટું કોરણવાળું વાસણ.
લોટા (ના) કળશીઆ.
જણાયછે=દેખાયછે.
તપેલાં (ના) પાતેલાં.
લોટીઓ=કસલીઓ.
કાંસું (ના) એક જાતની બરડ ધાતુ.
ભોંય (ના) જમીન.
કદાચ (અ) કોઇ વખત.
ફૂટી (કૃ) ભાંગી.

પાઠ ૩૧ મો.

નાનીશી (વિ) નાનીસરખી.
પોતડાં (ના) ધોતડી.
પિછોડી (ના) ખાંધે નાંખવાનું લૂગડું.

હીરકોરી (વિ) રેશમની કોરની.
હલકી (વિ) થોડી કીમતની, થોડા વજનની.
જામદાની (ના) એક જાતનું ઝીણું બુટીદાર લુગડું.
ફાટેલી (વિ) ચીરાયલી.
અંગરખી (ના) નાની ડગલી.
દીકરો (ના) છોકરો.
ગરીબ(વિ)પૈસા વગરનો.
ધોતી (ના) ધોતડી.
ખભે (ના) ખાંધ ઉપર.
નામાં (ના) નામ.
શીખીશ (ક્રિ) ભણીશ.
માટે (અ) કાજે, વાસ્તે.

પાઠ ૩૨ મો.

વાગોળવું (ક્રિ) ખાધું હોય તે પાછું મોમાં લાવી ચાવવું.
માખણ (ના) છાશ ઉપરની તરી.
ખરીઓ (ના) પગનાં તળીઆનો કઠણ ભાગ.
હલાવે (ક્રિ) હીલવે.
ફાટ (ના) ચીરો.
ભાવે (ક્રિ) સ્વાદ લાગે.
બબે (વિ) બે.
ચરેછે(ક્રિ)ઘાસ ખાય છે.
ચાવવું (ક્રિ) દાંતેવતી ભચરડવું.
ઘી (ના) માખણને તાવીને બનાવેલું તે.
શી શી (વિ) કઇ કઇ ?
મથાળે (ના) ઉપર, ઉપલા ભાગ પર.
ચિત્ર (ના) છબી.

પાઠ ૩૩ મો.

ગુણ (ના) ફાયદો, ખુબી.
આધાર (ના) આશરો.
અગણિત (વિ) ગણાય નહીં તેટલા, (બ- ણાજ.)
પશુ (ના) ચોપગાં જાનવર..
ખાંતે (ના) ખુશીથી.
જન (ના) માણસ.
જન્મતી (વિ)અવતરતી
પંખી (ના) પાંખવાળા પશુ.
નર (ના) માટીડો, ભાયડો.
સુખદાતા (વિ) સુખ આપનાર.
નાર(ના)બાયડી,બઇરી.
દેછે (ક્રિ) આપેછે.
ઘણું કરી (અ) સોવસા

(કવિતાની સમજુતી). (૪).

ગાયમાં ખુબી ઘણી છે, ને તે બધાને સુખ આપનારી કેહેવાય વળી તે દહીં દુધ સૌ આપેછે, ને તે બધા માણસો ખુશીથી ખાય છે. (૧).

પશુ, પક્ષી, ભાયડા, ને બાયડી બધાંને જન્મ થતી વખત જુઓતો; તો ઘણું કરીને ઘી ને દુધ એજ જીવને આધાર આપે છે. (૨).

પાઠ ૩૪ મો.

દુધપાક (ના) દુધમાં ચોખા ખાંડ નાંખી રાં-

ઘીને કરેલો પાક.
ચાસણી (ના) ઉનું કરી ચિકાસ લાવવી તે.
બુરૂં (ના) ધોએલી ખાંડ.
ઠારે=ઠંડકથી કઠણ કરે.
વલોવે(ક્રિ)બે હાથે ચોળે.
માવો (ના) દુધને બાળીને લોચા જેવું કરેલું તે.
ખડબાં=ઢેફલાં, ગઠ્ઠા.
તાવીને (કૃ) ઉનું કરીને.
પેંડા (ના) માવામાં ખાંડ નાંખી ગોળી વાળેલી તે.
જામીજાય (ક્રિ) બંધાઇ જાય.
લોચો (ના) લોંદો, લપકો
રાંધીને (કૃ) બાફીને
ભેળીને (કૃ) મેળવીને.
ખટાશ(વિ)ખાટી ચીજ.

પાઠ ૩૫ મો.

જૂઠો(વિ)લબાડ માણસ
લેખણ (ના) કલમ.
સંતાડીને (કૃ) છુપાવીને.
છાનામાના (વિ) કોઇ નહીં જાણે તેમ.
પડેલી (કૃ) ગડી ગયલી.
માન્યું (ક્રિ) કબુલ કર્યું.
ટેવ (ના) આદત, ખો.
વેળા (ના) વખત.
પાઇ (ના) પઈ.
દીઠી (ક્રિ) જોઇ.
ખોટી (વિ) ખરાબ, નઠારી.

પાઠ ૩૬ મો.

પાવલી (ના) ચાર આનાનો સરકારી છાપનો રૂપાનો સિક્કો.
માનવું (ક્રિ) કબુલ કરવું.
ચોરી (ના) છાનામાના લીધી, (કંઈ ચીજ છુપી રીતે લેવી તે.)
કાગળ (ના) તાર.
લટકાવી (કૃ) ટીંગાવી.
કોટ (ના) ડોક, ગળું.
ફજેતી (ના) ગેરઆબરૂ.
છાનું છાનું=ચુપ ચુપ, કોઇ નહીં જાણે તેમ.
પકડાઇ (ક્રિ) ઝલાઇ.
ચોડીને (કૃ) ચોટાડીને.

પાઠ ૩૭ મો.

દીકરાની(ના) છોકરાની.
વાળુ=રાતનું ભોજન.
વઢવું (ક્રિ) લડવું.
પહેલાં (અ) અગાઉ.
શરમાયો=લજવાયો.
સોંપ્યો(ક્રિ) હવાલે કર્યો. તપાસી આપ્યો.
હવાલ (ના) હાલ.
તેડાવીને(ક્રિ)બોલાવીને.
વાત (ના)હકીકત,બીના.

પાઠ ૩૮ મો.

જૂઠ (ના) જૂઠી વાત.
સાચ (ના) સાચી વાત.
કદી (અ) કોઇ વખત.
ઉપાય (ના) ઇલાજ.
પાપી (વિ) દુષ્ટ, નઠારો.
સ્નેહ (ના) હેત, પ્રીત.
દેહ (ના) શરીર, કાયા.
રાચે (ક્રિ) ખુશી થાય.
શોભે=સારી દેખાય.
જગપતિ (ના) જગતનો બનાવનાર, ઇશ્વર.
પૂરો (વિ) બરાબર.
સુખ (ના) ચેન, મજા.

(કવિતાની સમજુતી). (૫).

જે **માણસ** જુઠું બોલે છે, તે બરાબર પાપી છે. તે માટે ન્હાના છોકરાઓ એવું કામ તમે કરો નહીં. (૧).

સાચું બોલવામાં ઘણું સુખ છે, સાચાથી બધાનું હેત વાહાલ વધે છે, તેમ સાચાથી જગતનો બનાવનાર જે **ઈશ્વર** તે પણ ખુશી થાય છે, ને તેથી આપણું શરીર પણ સારૂં દેખાય છે. (૨).

પાઠ ૩૯મો.

મેવો (ના) દરાખ, ચારોળી, પસ્તા, બદામ, તેમજ જાંબુ, કેરી, જમરૂખ વગેરે ફળ.
ગાંધાની (ના) નેસ્તીની.
બદામ(ના)એક જાતનો ફળીઆવાળો મેવો.
દુકાન(ના)બજારમાં માલ વેચવાનું ઠેકાણું.
ઓળખીતો (ના) પીછાનવાળો, જાણીતો
દરાખ (ના)લીલો મેવો.
કાજુ (ના)મેવાનું નામ.
વાટી (ના) કોપરાના ગોટાનું અડધીઉં.
મગફળી (ના) મગની શીંગ(વિલાતી)શીંગ
ખજૂર (ના) ખજુરીનું ફળ.
મામા (ના) માનાભાઇ.
ચારોળી(ના)મેવાનું ના
બતાવી(ક્રિ)દેખાડી.[મ
ભાણીઆ (ના) ભાણા.
ખારેક (ના) સુકાયલું ખજુર.

પાઠ ૪૦મો.

વાર (ના) અઠવાડીઆનો દિવસ, વખત.
ચંદ્રમા (ના)ચાંદ,ચાંદો.
ઘણા ખરા=ઘણાએક.
સરસ્વતી(ના) ભણતર, સારદા, વિદ્યા.
દિવસ (ના) દહાડા.
વિદ્યા (ના) ભણતર.
રવિવાર=સુરજનો વાર
સોમવાર (ના) ચંદ્રમાનો વાર.
કેડે (અ) પછી, પુઠે.
ગુરૂવાર(ના)બેસ્પતવાર
મૂકેછે (ક્રિ) બેસાડે છે.
સરખા (વિ બરાબર.
ચાલ (ના) રીત, ધારો.

પાઠ ૪૧ મો.

જબરી (વિ) જોરાવર.
વહાણામાં=સવારમાં.
માંસ (ના) ગોસ.
ચચ્ચાર (વિ) ચાર ચાર.
કીડા (ના) લાંબા જીવડા.
કૂદતાં(કૃ) ઠેકડાં મારતાં.
ડોલતો (કૃ) ધુણતો, લેહેકાતો.
જનાવર (ના) જાનવર.
સાંજ (ના) દીવા બતિનો વખત, સંધ્યાકાળ.
લાંઠ (વિ) લુચ્ચો.
માળો=પક્ષીનું રેહેઠાણ.
અનાજ (ના) દાણો.
મુએલાં =મરી ગયલાં.
ફોડી (કૃ) ફોડી, ભાંગી.
નસાડે (ક્રિ) હાંકી મૂકે.

પાઠ ૪૨ મો.

ભાળો (ક્રિ) જુઓ.
કાગ (ના) કાગડો.
પાંખાળો=પાંખવાળો.
રાગ (ના) ગાવાનો સાર.
રૂપાળો (વિ) સારો, શોભિતો.
ચોંપે=ઉતાવળા થઇને.
ચાહે (ક્રિ) ઇચ્છે, માંગે.
હણવા (કૃ) મારવા.
જલદી (અ) તુરત, ઝટ.

ચતુર (વિ) ડાહ્યો. | કોપ (વિ) ક્રોધ. | ચેતી (કૃ)જાણી, સમજી.

(કવિતાની સમજુતી). (૬).

સાંજે જઈ સુવા સારૂ માળો બાંધવા બેઠો, એવા એક કાગડાને જોયો; તે બે પાંખવાળો બોલતો હતો, પણ તેનો રાગ સારો નહિ હતો. (૧).

કોઈ માણુસ હાથમાં કાંકરો લઇને, તેને ચુપકીથી તાકીને મારવાનું કરે, તો તે ચંચળ જાત મનમાં જાણીને તુરત ઊડી જાયછે. (૨).

પાઠ ૪૩ મો.

સગાં (ના) સગાવાહાલાં
પીતરાઈ (ના) કાકાના વંશના, કુટુંબી.
સાળીઓ=વહુની બેહેનો
મોળાઇ (વિ) મોસાળ તરફના.
બનેવી (ના) બેહેનનો વર.
ભત્રીજો (ના) ભાઇનો છોકરો.
માસો(ના)માશીનો વર.
ભાણેજ (ના) બેહેનો છોકરો.
ફૂઓ (ના) ફોઇનો વર.
વર(ના)માટી, ભરથાર.
વહુ (ના) બાયડી.
સાળો (ના)વહુનો ભાઇ.

પાઠ ૪૪ મો.

જમાઇ=છોકરીનો વર.
સંપસંપીને (કૃ) હળીમળીને.
સાવકાં (વિ) બાપ એકને મા જુદી તે, ઓરમાઈ.
વેવાહી (ના) છોકરી કે છોકરાનો સસરો.
ઓરમાઇ (વિ) સાવકો.
વેવાણ (ના) છોકરા કે છોકરીની સાસુ.
સગાં (વિ) એક મા તથા એકજ બાપના પેટના.
દૂધભાઇ (ના) આંગળીઆત, કોઠાઈ.
બનતું (કૃ) હળી મળીને રેહેવાનું.
દીકરી (ના) છોકરી.
વરવહુ=માટીબઇઅર.

પાઠ ૪૫ મો.

કાપડ (ના) કપડ, લુગડાં
ચોકું (ના) મોકું અબાર.
ફડાવ્યું (ક્રિ) ચીરાવ્યું.
ખાદી (ના) એક જાતનું જાડું કપડું.
દોશીવાણીઆ (ના) કાપડીઆ, લુગડાં વેચનારા.
વાણોતર (ના) ગુમાસ્તો.
બાસ્તો (ના) એક જાતનું કપડું.
સેલું (ના) કસબના છેડાવાળું લુગડું.

હાટ (ના) બજાર, દુકાન
બાજમ (ના) બીછાવ-
વાનું સારૂં ઊંચુ પા-
થરણું.
કાજે (અ) વાસ્તે.

પાઠ ૪૬ મો.

મહિના (ના) ૩૦ દહા-
ડાની મુદત.
દીવાળી (ના) વર્ષનો છે-
લ્લો દહાડો, (આસો
વદ અમાસનો દિ-
વસ).
રામનવમી (ના) રામ-
જીનો જન્મ દિવસ,
ચૈત્ર સુદ નોમનો
દહાડો. [મોસમ.
શિયાળો (ના) ટાઢની
ઉતરાણ=મકરશંક્રાંતિ.
અખાત્રીજ (ના)તેહેવા-
રનો દિવસ વૈશાખ-
સુદ ત્રીજનો દહાડો.
ઊનાળો (ના) તાપની
મોસમ [રૂતુનું નામ
વસંત (ના)રાગનું નામ,
વરસ (ના) શાલ, (બા-
ર મહિના.)
ટાઢ (ના) ઠંડ, હીમ
પર્વ (ના) તેહેવાર.
દેવદીવાળી (ના) ઠાકોર-
જીની દીવાળી. (કા-
રતેક સુદ ૧૧ નો
દિવસ. [છી.
ત્યાર કેડે (અ) ત્યારપ
વસંતપંચમી (ના) વ-
સંત રૂતુ બેસવાનો
દિવસ (માહ સુદ
પાંચેમ.)

પાઠ ૪૭ મો.

ચોમાસુ (ના) વરસાદની
મોસમ, (જેઠ, આ-
ષાડ. શ્રાવણને ભા-
દરવો એટલા ચાર
મહિના.)
પચુસણ(ના)શ્રાવક લો-
કોનો તેહેવાર, (શ્રા-
વણવદ ૧૧ થી ભાદ
રવા સુદ ૪ સુધી.)
ગોકળ આઠેમ (ના) શ્રી
કૃષ્ણનો જન્મદિવસ
(શ્રાવણ વદ ૮).
શ્રાવણ (ના)હિંદુના વર
સનો ૧૦મો મહિનો.
પખવાડીઉં (ના) પંદર
વાડીઉં (પંદર દહા-
ડાની મુદત)
ગણપતિચોથ (ના) ગ-
ણપતિનો જન્મદિ-
વસ, ઢગરા ચોથ
(ભાદરવા સુદ ૪).
વરસાદ (ના) મેઘ, મેહ,
શરાધીઆં (ના) મુએ-
લાંની ક્રિયા કર-
વાના તેહેવારો (ભા-
દરવા વદ અમાસ સુ
ધીના ૧૬ દહાડા.)
તિથિ (ના) રોજ, મીતી.
ઉતરતાં (કૃ) પુરા થતાં.
દશરા=વિજય દસમી,
(આસો સુદ દસેમ.)
દીવાસો (ના) મોટો તે-
હેવાર તે સો પરબ-
નો માસો. એ દિવ-
સથી બધા તેહેવારો
શરૂ થાયછે, (આ-
ષાડ વદ અમાસનો
દિવસ.)
મેળા (ના) તમાશા.

પાઠ ૪૮ મો.

વાજાં (ના) રાગ કાઢ-
વાના યંત્રો.
વરઘોડો (ના) વર પણ-
વા જતી વખતનો
વાજાં ઢોલ સાથેનો
રસાલો.
દેવળ (ના) દેરૂં, મંદીર
નાદ (ના) અવાજ.
સરણાઈ (ના) પીપી.

લટુડાં (ના) રણકી-
ગડાં.
ઝાંઝ (ના) તાસાં, કીર-
તાલ.
નગારાં (ના) ઢોલ.
ઝમકારો (ના) રણકો.
ભુંગળ (ના) લાંબું
વાજું.
કુંડાળું (ના) ચકરડું.
ઘડીઆળ (ના) વખત
જાણવાનો સાંચો.
પખાજ (ના) મરદંગ.
વાહવા (અ) ઓહો !
ઢોલ (ના) મોટું ન-
ગારું.
સાદ (ના) અવાજ.

પાઠ ૪૯ મો.

જન્મગાંઠ (ના) વરસ-
ગાંઠ, જન્મ દિવસ.
વરસગાંઠ (ના) શાલ-
ગીરી, જન્મતિથી,
જન્મ દિવસ.
રાઇતાં (ના) દહીંમાં
કેળાં, દુધી, ચીભડાં
વગેરે સમારીને નાં-
ખી લચકા જેવું કરી
મેળવેલું તે.
બીડાં (ના) પાનની
બીડી.
પાનસોપારી (ના) તં-
બોળ ને ફોફળ.
કંસાર (ના) મોટી લા-
પસી.
અડાડયો=અડકાડયો.
કઢી (ના) છાસને ઉકા-
ળીને માંહે મીઠું
મરચું ને અળધ
નાંખેલી તે.
જમવાનું (ના) જમ-
મણ, ભોજન.
મજા (ના) લેહેજત.
તેડયો (કૃ) બોલાવ્યો.
મંડયો (ક્રિ) મચ્યો.

પાઠ ૫૦ મો.

ચોખ્ખાઈ (ના) સુઘ-
ડાઈ.
ઉતરાવી=સોરી કાઢવી.
સાબુ (ના) મેલ કાઢ-
નારી ચીજ.
દાતણ=આવળ કે બાવ-
ળની સોટીનો કકડો.
શરીર (ના) દીલ, અંગ.
ગુમડાં (ના) મોટા ફોલા.
ઊલ (ના) મોઢામાંનું વા-
સ મારતું વાસી થુંક.
ફીકર (ના) ચિંતા.
ફોલ્લો (ના) સળો, ફોલા.
ગંધાય (ક્રિ) વાસ મારે.
ઘસવા (ક્રિ) ચોળવા.
જુઓ (ના) માથામાં
કીડીના જેવા ઝીણા
જીવડાં પડેછે તે.
મસળવું (ક્રિ) ચોળવું.
ગંદાં (વિ) ગોબરાં.
સાજા (વિ) સારાં, સુ-
ખી.
ચોખ્ખાં (વિ) સાફ.

પાઠ ૫૧ મો.

ઉપણે (ક્રિ) વા દેઇ ક-
સ્તર કાઢે, ઝાટકે.
તાપ (ના) ગરમી.
લુઓ (ના) લોહો, લ-
ચકો.
પાકવું (ક્રિ) નીપજવું
ઉથલાવીને (કૃ) ફેરવીને.
કલેડું=ઠીકરાની તાવી.
લોઢી (ના) લોઢાની તાવી.
ખેડવું (ક્રિ) જમીન પો-
ચી પાડવી.
શેકવું (ક્રિ) ખરું કરવું.
વાવેછે (ક્રિ) રોપેછે.
ઊગી (કૃ) ફુટી.
કાચું (વિ) રાંધ્યાવગરનું
લોટ (ના) આટો.
ઘડેછે (ક્રિ) ટીપેછે.
મેર (ના) બાજુ, તરફ.
લાલ(ના)રંગીલા,રંગલા.

(કવિતાની સમજુતી). (૭).

દુધ ને રોટલો (દુધમાં ચોળીને) ને દહીં ને ભાત દહીંમાં ભાત નાખીને, વળી લાડવા ને વાલ મારા લાલ ખાઇ જાઓ.

પાઠ ૫૨ મો.

ભલા (વિ) સારા.
હીમણું (ના)હીસું,ઠેકો.
હીંચકા (ના) ઝોલા.
ગભરાવું(ક્રિ)અકળાવું.
કોણી(ના)હાથનું ઢીંચણ
વારો (ના) વખત.
બઝાડીને=વળગાડીને.
ખસેડયા=આઘા કર્યા.
ધરાવું (ક્રિ) પેટ ભરીને ખાવું, તરપત થવું
આઘો (વિ) દુર, વેગળે
સામુ (અ) તરફ.
દયા (ના) મેહેર, રેહેમ
હીંચકા(ના) હીંચકા ખાતા.
વેગળા (વિ) આઘા, દુર
પેટ ભરીને=ધરાઇને.

પાઠ ૫૩ મો.

કાતરી (ક્રૃ) કરડી.
લોક (ના) માણસો.
સંતાઇ (કૃ) છુપાઇ, ભરાઇ.
ચંચળ (વિ) હોંશીઆર
તરત (અ) જલદી, ઝટ
સર્વે (વિ) સઘળા, બધા
ફૂંકતો (કૃ) ફુક મારતો.
ખૂણે ખાચરે=દરમાં.
ભોંય=જમીન, ધરતી.
દીઠામાં (કૃ) જોવામાં.
જબરા (વિ) જોરાવર.
ઝાલવા (કૃ) પકડવા.
કશું (વિ)કાંઇપણ, જરા.

પાઠ ૫૪ મો.

રંજાડ (ના) તોફાન.
દીવટ (ના) જોત, બત્તી
ધાડ (ના)લૂટારાની ટોળી.
કપડાં (ના) લૂગડાં.
ખાસાં (વિ) મજાનાં.
ઉપાય (ના) ઇલાજ.
મની (ના) બિલાડી, મંજારી.
પાર (ના) છેડો.
વધ્યા (ક્રિ) વધી ગયા.
પકડયા (ક્રિ) ઝાલ્યા.
માંડે (ક્રિ) મચાવે.
ગડબડ (ના) ગડબડાટકરતી.
કરડી (ના) કાતરી.
મહા (વિ) મોટું, ઘણું.

(કવિતાની સમજુતી). (૮).

ઊંદરો હારબંધ વધી ગયા, તેમાં કેટલાક ઝાલ્યા પણ પાર આવ્યો નહીં; જેમ લૂટારાની ટોળી ફેમ આવે તેમ તેઓ રાતે તોફાન મચાવી રેહે છે. (૧.)

તેઓ મજાનાં કીમતી લૂગડાં કરડી ખાય છે, ને દીવાની દીવેટ લઇ જાય છે; એને પકડવાનો એકે ઉપાય નથી, પણ જો બિલાડી મળે તો મોટું સુખ થાય (તે ઊંદરને પકડી લે) (૨).

પાઠ ૫૫ મો.

પાંદડાં (ના) પાતરાં.
સાંભરેછે (ક્રિ) યાદ-
આવેછે.
બાપડી (વિ) બીચારી.
ઓઢવું (ક્રિ) શરીરપર
ઢાંકવું.
વાળ=બાલ, નીમાળા.
ભૂલી (કૃ) વીસરી.
ભૂલશો (ક્રિ) વીશરશો.
ડિલ (ના) શરીર, અંગ.

પાઠ ૫૬ મો.

આંચળ(ના)થાન, ધાઇ.
ધાવણા (વિ) નાના,
દુધ પીતા.
જોર (ના) બળ, શકિત.
કરડવા(કૃ)બચકું ભરવા
વગર (અ) વિના, શી-
વાય.
આખલા (ના) ગોધા.
એટલામાટેજ (અ)એને
વાસ્તેજ.
કર્યાં (ક્રિ) બનાવ્યાં.

પાઠ ૫૭ મો.

ઝાડપાલો (ના) ઝાડ-
નાં ઝીણાં પાતરા-
તથા છોડ વગેરે.
કૂવો (ના) ઉંડો ખોદી
કાઢેલો વેહેતો ઝરો.
નદીઓ (ના) મીઠા
પાણીનો ધોધ પર્વત
માંથી નીકળેલો તે.
વાવ (ના) પગથીઆ-
વાળો પોહોળો ઉત-
રવાનો કૂવો,
મોળું(વિ)મોળાસપડતું
મીઠું (ના) નીમક;
(મીઠાસ વાળું.)
ખારૂં (વિ) મીઠાના
સ્વાદ જેવું.
જીવેછે(ક્રિ) ટટાર રહેછે.
ભરેલાં (કૃ) ભરપૂર.
જોઈએતેટલું=કામ જો
ગ, ખપ જેટલું.

પાઠ ૫૮ મો.

લખોટી (ના) લાખની
ગોળી, મંજી.
ઠરે (ક્રિ) સાબીત થાય.
છાનોમાનો(વિ) ચુપચુપ.
ગમે (ક્રિ) સારૂં લાગે.
ચોરવું (કૃ) કંઇ ચીજ
છાંનામાના લેવી તે.
ભૂલી ગયો (ક્રિ) વિ-
સરી ગયો.

પાઠ ૫૯ મો.

મહીપતિ (ના) રાજા.
પસ્તાય (ક્રિ) દલગીર
થાય.
પાછળથી=પછવાડેથી.
ચાહન (વિ) ખુલી,જાહેર
ઝલાય (ક્રિ) પકડાય.
નર (ના) માણસ.
સમજી (કૃ) જાણી.
બાંધીમારે (ક્રિ) ફટકા-
નો માર મારે.

(કવિતાની સમજુતી). (૯).

ચોરીમાં સુખ સમજીને જે માણસ કોઇને ત્યાં ચોરી કરીને આવે; પછી ચોરીથી થતું દુઃખ જ્યારે જુએ છે ત્યારે મનમાં ઘણો અફસોસ કરવા માંડેછે. (૧)

જ્યારે ચોર ઝલાયછે,ત્યારે ચોરી ઉઘાડી થાયછે, પછી **રાજા કે હાકેમ**

તેને બાંધીને ફટકાનો માર મારે છે, ત્યારે તેની છેક બેહુરમત થાયછે. (આગરૂ જતી રેહેછે). (૨).

પાઠ ૬૦ મો.

આંગણું (ના) બારણું, બારણાની આગળ-નીજગો તે.
અજવાળું (ના) ઉ-જાશ.
પરશાળ (ના) પેહેલા-ખંડની ભોંય તળી-આની જમીન.
પછીત (ના) પછવાડેની ભીંત.
ચોક (ના) ખાળ.
ઓટલો (ના) ઘરના-આંગણાં આગળ ઉં-ચી બેસવાની જગો કરેલી તે, મોટી ઓ ટલી
છીંડી (ના) ખડકી.
કરા (ના) દીવાલ, ભીંત.
મેડો (ના) માળ.
અગાશી (ના) ધાબું.
ઓરડો=મોટી કોટડી.
સાંભળો (ક્રિ) ધ્યાનમાં
ઉઘાડી(વિ) ખુલ્લી. [લો.
કરેલી (કૃ) બનાવેલી.

પાઠ ૬૧ મો.

રસોડું(ના)રાંધણી. [તે.
અંધારૂં=ઉજાસ નહિં
બારી (ના) માળ ઉપ-રના ભડાનાંબારણા.
ગોખલા=નાના હાટડા.
ભંડારીઆં (ના) હાટડાં.
રસોઇ (ના) રાંધવાનું.
ધુમાડીઉં (ના) ધુમાડો જવાનો રસ્તો કાઢે-લો તે, ચીમની.
તાકાં(ના) મોટાગોખલા
પાણીઆરૂં (ના) પા-ણીનાં બેડાં મૂકવા-ની ઓરડી.
ધુમાડો (ના) ધુણી.
ચોકડી(ના)મોટો ખાળ.
તાળું (ના) પેટી બંધ-કરવાનું હથિયાર.
ટાંકાં (ના) વરસાદનું પાણી ભરી મૂકવાના-છોબંધનાઉંડા કૂવા
ગોટાય (ક્રિ) ઘેરાય.
છો(ના) મરડીઆકાંકરા નેભઠ્ઠીમાં પકવેલાતે
દાદર (ના) લાકડાના પા ટીઆની સીડી.
ઓટલી=નાનો ઓટલો
જાળી(ના)સળીઆ જ-ડેલી નાની બારી.
ઝીલવું(ક્રિ)પડતું સાહવું
નીસરણી (ના) વાંસ કે વળીનો દાદર.
ગામડું (ના)નાનું ગામ.

પાઠ ૬૨ મો.

કૂકડી (ના) મરઘી.
ખડખડે=અકળાએ.
વહાણું (ના) સહવાર.
છેડવું (ક્રિ) અડકવું.
દીપે (ક્રિ) સારો દેખાય
માંજર (ના) માથાપરની લટકતી ચામડી.
ભાતભાતના (ના) જા-ત જાતના.
પીછાં (ના) પીછ.
સેવે (ક્રિ) સાચવે.
ઊકરડા (ના) ખાતર વાળી જગો.
બીકણુ=નરમ, પોચો.
ધંધો (ના) રોજગાર.
ખોતરવાની (કૃ) ખણ-વાની, ખોદવાની.

ધસવું (ક્રિ) આગળ દોડી આવવું.
વળગવું (ક્રિ) બાઝવું.
જાળવેછે=સાચવેછે.
કાયર (અ) હેરાન.
કૂકડો (ના) મરઘો.
રૂપાળો(વિ) શોભિતો
કુકડુકુક (ના) મરઘાનું બોલવું, વાસવું.
વળગેછે (ક્રિ) બાઝેછે.

પાઠ ૬૩ મો.

સાપ(ના)ઝેરી જાનવર
ગણતો (ક્રિ) પત કરતો
વેર=દુશ્મનાઈ, ખાર.
જીવ (ના) પ્રાણ.
ચગદી (ક્રિ) કચડી.
લગારેક (વિ) જરા.
નાગ=ફેણવાળો સાપ.
નબળા (વિ) કમજોર.
છેલ્લીવારે (અ) આખરે.
ચટકા (ના) ડંખ.
છોલાયું (ક્રૃ) સોરાયું
પ્રાણ (ના) જીવ.
ફેણ (ના)સાપ તથા નાગ માથું પોહોળું કરેછે તે.
દર (ના) બાકું, કાણું.
પછાડી (ક્રિ) ઝીકી, અફાળી.
ભેગી (વિ) એકઠી.
ઝાઝા (વિ) ઘણા, બહુ.

(કવિતાની સમજુતી). (૧૦).

નબળા પણ ઘણા લોકની સાથે કોઈ પણ દહાડો અદાવત રાખવી નહિ કેમકે મોટા કાળા નાગનો, કીડીઓ બધી એકઠી થઈને આવી રીતે જીવ લેછે (જુઓ કીડીઓ નબળી પણ ઘણી. અને સાપ જબરો પણ એક).

પાઠ ૬૪ મો.

છોડવા (ના) નાનાછોડ.
મૂળીઆં (ના) મૂળ,જડ
વાટ (ના) રસ્તો, રાહ.
થડ (ના) ઝાડનો વચલો ગોળ ભાગ.
જીવે (ક્રિ) ટટાર રેહે.
ઓગળે (ક્રિ) પીગળે.
ડાળાં (ના) ઝાડની મોટી શાખા.
વેહ (ના) કાણું, છીદ્ર.
ફૂલ (ના) પુષ્પ.
વાદળ (ના) આકાશ.
કસ (ના) રસ, તત્વ.
ફળ (ના) લીલો મેવો.
ચરી (કૃ) વણી.
પથરાય (ક્રિ) ફેલાય.
વેલા(ના) જમીનપર પથરાતો છોડ.
આંબો(ના) કેરીનું ઝાડ
છોડ (ના) છોડવો.
કોહોળું (ના) તરકારીનું નામ, શાકનું નામ

પાઠ ૬૫ મો.

લીલાં (વિ) ખૂબસુરતાં
કચરો (ના) મેલ.
કરમાઈને (કૃ) ચીમળાઈ
સકાવું=કરમાઈજવું. [નિ
સીંચીએ. (ક્રિ) રેડીએ,
ટટાર(વિ)સીધા. [રેડવું
છાંટવું (ક્રિ) છંટકોરવું,
તાજા (વિ)લીલાં.
વરસતો (ક્રિ) પડતો.
મસ (વિ) ઘણી, બહુ.
લૂલા (વિ) મુરદાલ.

પાઠ ૬૬ મો.

રીસાળ (વિ) તામસી.
રીસાયો(ક્રિ) ગુસ્સે થાયે.
ચેન (ના) સુખ, મજા.

પીરસેલી (વિ) ખાવાનું
મુકી તૈયાર કરેલી.
મુદલ (વિ) જરાએ.
મેળો (ના) તમાસો.
વેદના (ના) દુઃખ, પીડા.
ભાંડુ (ના) ભાઇ બેહેન
ના છોકરાં છૈયાં.
માલ(ના)જીવ, વીસાત
પૂણે (ક્રિ) લાગે, શાલે.
વીંછી (ના) ઝેરી જીવડો
ટેવ (ના) આદત.
ખોટું(વિ)માઠું,ખરાબ.

પાઠ ૬૭ મો.

તણખલાં (ના) તંખલાં
ઈંડાં (ના) બેદાં.
રૂ (ના) કપાસમાંથી
કપાસીઆ કાઢી ના
ખી ને રહેલું તે.
વસ્તુ (ના) ચીજ.
આખું(વિ)બધું,સઘળું.
ચીંચીં=ચીચીઆરી.
રઝળીને (કૃ) રખડીને.
ધીમેધીમે (અ) હળવે-
હળવે, આસ્તે.

પાઠ ૬૮ મો.

પાલો=ઝીણાં પાતરાં.
સૂરજ (ના) સુર્ય.
ઝાંઝવાં (ના) ઘણા તે-
જથી આંખે નસુઝે-
તે, અંધારાં.
ગરમી (ના) તાપ.
તેજ (ના) પ્રકાશ, નુર.
નીપજવું (ના) પાકવું.
ધાન્ય (ના) અનાજ.
સર્વે (વિ) બધી.

પાઠ ૬૯ મો.

બગાડ (ના) નુકસાન.
ગભરાઇ (કૃ) અકળાઇ.
ધાજો=મદદે આવજો.
છેતરવું (ક્રિ) ઠગવું.
સીમમાં (ના) ખેતરમાં,
ગામની હદમાં.
આસપાસ (અ) આજુ
બાજુ, ચોતરફ.
ખેતરવાળા (વિ) ખેત
રના માલીકો
ખેડુત(ના)ખેતીકરનાર.
ચારતો (કૃ) ચરાવતો.
અમથી (વિ) ખોટી.
હસવા (ક્રિ) મજાકકર-
વા.
શરમાઈ (કૃ) લજવાઇ.
ખરે ખરો (વિ)સાચો.
સાચી (વિ) ખરી.
જૂઠું=ખોટું.
છેતર્યા=ઠગ્યા.

પાઠ ૭૦ મો.

ધૂરકવું (ક્રિ) ગુસ્સાથી
જોવું.
લોહીલોહાણ= લોહીઆ-
ળ, લોહી નીગળતા.
પામીએ (ક્રિ) ખમીએ.
બચકાં (ના) ડાક્ષાં.
ભસવું=કૂતરાનું બોલવું
તૂટીપડવું (ક્રિ) એક-
દમ વળગી પડવું,
ધસારો કરવો.
ગરીબ (વિ) અનાથ.
સોબત (ના) સંગત.
બાપડો (વિ) બીચારો.
ભૂંડાં (વિ) ખરાબ.

પાઠ ૭૧ મો.

પજવીએ (ક્રિ) કાયર
કરીએ, દુખ દઇએ.
હળીમળીને (કૃ) સંપસં-
પીને, એક દીલથી.
ઉગામીએ=ઉઠાવીએ.
દુખાય=દલગીર થાય.
માંહોમાંહે (અ) એક-
બીજા, અરસ પરસ.
રાજી થવું=ખુશી થવું.
હેત (ના) પ્યાર.
રીસાઇએ (ક્રિ) ગુસ્સેથઇ
એ.
વહેંચી (કૃ) ભાગ પાડી.
સંપસંપીને (કૃ) હળી
મળીને.

પાઠ ૭૨ મો.

ઝગઝગાટ (વિ) ચળકાટ.
પૃથ્વી (ના) દુનિઆ.
વહાલો (વિ) પ્યારો.
ઘોર (ના) બીયામણું, અંધારું.
ગગન (ના) આકાશ.
ઊંચો (વિ) દૂરે, ઉપર.
પરમેશ્વર=મોટો ઇશ્વર.
ચળકતી (વિ) ઝળકતી.
જીવાત (ના) રેહેવાત.

પાઠ ૭૩ મો.

મહિમા (ના) લીલા.
કરનાર (વિ) બનાવનાર.
આમલી (ના) એકજાતનું ઝાડ અને તેનું ફળ.
જગ (ના) જગત.
કોઠા (ના) કોઠાનું ઝાડ.
સરજનાર (ના) પેદા કરનાર.
તારા (ના) ચાંદરણી
ભજવા (ક્રિ) ભક્તિકરવા.
દેવ (ના) પરમેશ્વર.
તાડ (ના) તાડીનું ઝાડ.

(કવિતાની સમજુતી). (૧૧).

તમે **ભાઈઓ** આ મોટા ઝાડ જુઓ, એમાં સૌથી તાડનું ઝાડ ઉંચુ છે, કોઇ આમલી કોઇ આંબો ને કોઈ કોઠીનું ઝાડ પણ હોયછે. ને જુઓ કે તે બધાનાં ફળ જુદાં હોય છે. (૧).

જે આ જગતનો બનાવનાર **ઇશ્વરછે** તે સુરજ તારાનો પેદા કરનાર છે, માટે એજ હમારો મોટો દેવ છે, તેને ભજવાની ટેવ રાખીએ. (૨).

પાઠ ૭૪ મો.

નિશાળ (ના) વિદ્યા-ભણવાનું ઠેકાણું.
રંગત (વિ) રંગેલા.
વતરણું (ના) લાકડાની કલમ.
તૈયાર (વિ) તરત કામમાં આવે એવું.
સો (વિ) દશ-દશકા.
એકડેએક (ના) એકની સંખ્યા.
સ્લેટ (ના) પથ્થર પાટી.
પોતીઆં (ના) ધોતીઆં.
મોઢે=મોંથી ભણીજતા.
ખડી (ના) ચીકણી-ધોળી માટી.
પાટી (ના) સફેતો કે ધુળથી લખવાનું નાનું પાટીયું.
ધુળ (ના) રજ.
ફીકર (ના) ચિંતા.
મગાવીએ (ક્રિ) આણાવીએ.
જાળવીને=સાચવીને.
મંજાવીને (ક્રૂ) સાફ કરાવીને.

પાઠ ૭૫ મો.

ચિતારો (ના) છબી પાડનારો, ચીતરનારો.
હિરાકશી (ના) એક જાતનો કાળો રંગ બનાવવાનું વસાણું.
ચડાવતો (ક્રૂ) ચોપડતો.

ભાઈબંધ(ના)દોસ્તદાર.
શાહી (ના) રૂશનાઇ.
હરડાંબેડાં (ના) એક જાતનાં ઝાડના ફળ.
હસેછે (ક્રિ)મજાક કરેછે.
ભટ (ના) મહારાજ.
ભૂંડો (ના) ભૂંગદો.

પાઠ ૭૬ મો.

ધનતેરશ (ના) ધન પુજવાની મ્હોટી તેરસ.
બાજુબંધ (ના) કોણીનું ઘરેણું.
છવીટીઆં (ના) પગના આંગળાંનું રૂપાનું ઘરેણું.
સાંકળાં (ના) હાથ તથા પગનું ઘરેણું.
પોંચી (ના) હાથના કાંડાનું ઘરેણું.
કંદોરો (ના) કેડનું ઘરેણું.
બેરખો (ના) કોણીનું ઘરેણું.
ચોકડાં (ના) કાનની લાલીનું ઘરેણું.
બાજઠ (ના) પાટ.
વાનાં (ના) ચીજો.
અકોટી (ના) કાનનું ઘરેણું.
તુશીપાટીઆં (ના) બાયડીના ડોકનું ઘરેણું.
કુંપીઓ(ના) ગળચવો.
કડાં=હાથનાં ઘરેણાં.
વીંટી (ના) મુંદ્રીકા.
બાહાડીઓ=બહરીઓ.
ધોતા (કૃ) નવાડતા.
કોરે (ના) બાજુએ.
હીરાકંઠી (ના) હીરાકંઠીની સોનાની સાંકળી.
વાળી (ના) નાકનું નાનું ઘરેણું.
વાંક (ના) બાયડીના હાથનું ઘરેણું.
કલ્લાં=સાદાલીસા તોડા.

પાઠ ૭૭ મો.

ખીલા (ના) બેઠેલા માથાનો લોઢાનો અણીદાર ખૂંટો.
સોનેરી (વિ) સોનાના.
કીમત (ના) ભાવ.
ગુચ્છા (ના) કસબના ફૂલ
હળપુણી (ના) લોઢાનો દાંતો.
કીનખાબ (ના) જર.
પાવડો (ના) માટી ઉસરડવાનું લોઢાનું હથિયાર.
સાંકળ (ના) લોઢાની સાંકળી.
નકુચો (ના) સાંકળ ભેરવવાનો ખીલો.
હળ (ના) જમીન ખેડવાનો લોઢાનો અણીદાર ખૂંટો.
થએલી (કૃ) બનેલી.
અન્ન (ના) અનાજ.

પાઠ ૭૮ મો.

ડોકું (ના) ધડની ઉપરનો ભાગ, ડોક.
હડપચી (ના) દાઢી આગળની જગો.
બોચી (ના) ગરદન.
ગાંસડી (ના) બચકી, પોટલી.
લમણા (ના) ગાલ આગળના ભાગ.
મોખરો (ના) જરૂખો.
ધડ (ના) ડોકની નીચેનો ભાગ.
બાબરી (ના) ચોટલો.

પાઠ ૭૯ મો.

બગલ (ના) કાખ.
પેઢુ=પેટ નીચેની જગા.
તળીઉં=નીચલો ભાગ.
વાંસો (ના) પીઠ, બરડો.

કેડો (ના) કમ્મરો.
ગાળો (ના) ભાગ.
એડી (ના) પગની તળીઆનો ખડા આગળનો ભાગ.
ઢીંચણ (ના) ઘુંટણ.
થાપો (ના) ભાગ.
ઘુંટી (ના) પગની એડી આગળનો હેકો.
ખભા (ના) ખાંધ.
કાંડું=હાથનો પોંહોંચો.
સાથળ (ના) જાંગ.
કાખ (ના) બગલ.
હથેલી (ના) હાથેલી.
નળો (ના) ઘુંટણ હેઠેનો ભાગ.

પાઠ ૮૦ મો.

સોબત (ના) સંગત.
આંબાવાડીઉ=આંબા ઉગેલા હોય તે વાડી.
રખવાળ=સાચવનાર.
ટપેર્યા (ક્રિ) ઠોક્યા, માર્યા.
પહોંચ્યો (ક્રિ) આવી લાગ્યો.
ઝાંપો=કાંટાનું બારણું.
કેરી (ના) આંબાનું ફળ.
હીંડ (ક્રિ) ચાલ, દોડ.

પાઠ ૮૧ મો.

સંગ (ના) સંગત.
પ્રેમ (ના) હેત, પ્યાર.
ઠામ (ના) ઠેકાણું.
ભાગ્યશાળી (વિ) નસીબવાન, નસીબવાળો.
પેસે (ક્રિ) આવે.
ઠરશે (ક્રિ) શોભશે.
રૂડો (વિ) સારો.
બુરો (વિ) ખરાબ.
મેહેતા (ના) મેહેતાજી, ગુરૂ.
સંગ (ના) સોબત.

(કવિતાની સમજુતી). (૧૨).

જેને જેવી સંગત તેવોજ રંગ ત્યાં બેસે, જેને જેવી સંગત તેવુંજ હેત ત્યાં વધે, જેને જેવી સંગત તેવાંજ કામ તે કરશે, અને જેને જેવી સંગત તેવેજ ઠેકાણે જઈને તે ઉભો રહેશે. સારી સંગત હશે તો તે સારો બનશે; ને નઠારી સંગત હશે તો નઠારો બનશે; પણ સારા **મેહેતાજી** શીખવનાર હોય તેના સંગથી **નશીબવાળો** હોય તો તે વિદ્યા ભણે (ભણીને નશીબવાળો થાય.)

પાઠ ૮૨ મો.

જલેબી (ના) એક જાતનું ખાંડનો રસ પાયેલું પકવાન.
ભાખરા=જાડા રોટલા.
પોર (અ) ગયે વર્ષે.
ભાણે (ના) જમવાના આસન ઉપર.
પકવાન (ના) લાડુ જલેબી દહીતરાં વગેરે. મીઠાઈ.
પતાસાં (ના) બતાસાં.
હારડા=ચકતાં.
નાત=જમણવાર, જાત
રમકડાં=ખાંડના રસન

ખાવાની ચીજો.
ઘેબર (ના) એક જાત-
નું ખાંડનો રસ પા-
યલું પકવાન.

પાઠ ૮૩ મો.

ખાતર(ના)મોટું બાકું.
ખોતરવું (ક્રિ) ખોદવું.
વણજારૂ (વિ) શીકારૂ,
વણજારમાંનો.
નજર (ના) નીગાહ, ધ્યા-
ન.
દાટવું (ક્રિ) ઢંકાવવું.
ધન (ના) પૈસો, દોલત.
ધણી (ના) શેઠ,માલિક.
સમજે (ક્રિ) ચેતે.
તાણતો (કૃ) ખેંચતો.
ગએલું (કૃ) ખોવાયલું.

પાઠ ૮૪ મો.

વઢવાડ (ના) લડાઇ.
મેળાપ (ના) મુલાકાત.
ચડભડી (કૃ) લઢી, વઢી.
જમણુ (ના) જમવાનું.
અથાણું (ના) આથણું.
શેખી (ના) પતરાજી.
ખરીદવું=વેચાતું લેવું.
જણીઓ=બાઇઓ.
રડયું ખડયું=કોઇકોઇ.
સામટો (વિ) એકઠો.
હાંલ્લું=કાદવનું મટકું.

ભેગું (વિ)એકઠું, સાથે.
મોઘું=ઘણી કીમતનું.
સાહુકાર=પૈસા વાળો,
આબરૂદાર ગ્રહસ્થ.
લેખું (ના) ગણતી.
ઘાંટો (ના) સોર, પોકાર.
લેખવે=ગણે, પત કરે.
શેનું (સ)કંઈ ચીજનું ?

પાઠ ૮૫ મો.

સમડી (ના) કાગડા ક-
રતાં મોટું જબરી
પાંખવાળું પક્ષી.
વાઘરી (ના) પારધી.
જાળ (ના) ફાંદો.
કરગરવું (ક્રિ) કાલાવા-
લા કરવા.
મરડવું (ક્રિ)આમળવું.
અમથો (વિ) ખાલી.
બગાડયું=નુકશાન કીધું
લુચ્ચી(વિ)દોંગી, ખંધી
ડોક (ના) ગરદન, ગળું
વિચારવું=તોલ કરવો.

પાઠ ૮૬ મો.

બીડમાં (ના) ખેતરમાં.
મમત (ના) હોંસ, જીદ.
ફૂલાવવું (ક્રિ) મોટું ક-
રવું.
ગજું (ના) શકિત.
તાલેવર (વિ) પૈસાદાર.

બરોબર (વિ) સરખું.
ખર્ચખૂટણ (ના) પરચુ-
રણ ખરચ.
ચંપાઇને (કૃ) દબાઇને.
બરોબરી (ના) સરખી,
હરીફી.

પાઠ ૮૭ મો.

આડોશી પાડોશી (ના)
પાસેના ઘરમાં રેહે-
નારા, જોડેના ઘરના.
જાગવું=જાગૃત રેહેવું.
ગુણપાડ (ના) ઉપકાર.
પકડયો (ક્રિ) ઝાલ્યો.
ચોકી (ના)પેહેરો.
જાળવ્યું (ક્રિ) સાચવી
રાખ્યું, તપાસી રા-
ખ્યું.
ચાકરો (ના) નોકરો.

પાઠ ૮૮ મો.

કંદોઇ (ના)મીઠાઇ ભજી-
યાં વગેરે વેચનારો.
ખડકી મૂકવું (ક્રિ) ગો-
ઠવી રાખવું.
શાકરીઆ (વિ) ખાંડનો
રસ પાયલા, મીઠા.
ચકરડી (ના) વાએ ફર-
તું કાગળનું રમકડું.
મીઠાઇ(ના) બરફી પેંડા
વગેરે મીઠી ચીજો

કથરોટ (ના) કોરણવાળું છીછરું વાસણ.
પાલખી=ખુલ્લો મેનો.
ચોસલાં=ચોડા કકડા.
રમકડાં=રમવાની ચીજો.
ઠઠ (ના) મેદની, ભીડ
વોહોરો (ના), હોરો.
સામાન (ના) ચીજો

પાઠ ૮૯ મો.

પંચરાઉ (વિ) પાંચ જાતની, પાંચ વાનાની.

કોદરા. (ના) તુવેર (ના) નાગલી (ના) મકાઈ. (ના) લાંગ. (ના) બંટી. (ના) મસૂર (ના) રાજગરો.ના બાવટો.(ના) મઠ. (ના)	જુદી. જુદી. જાતનાં અનાજના નામ.

અપવાસ (ના) ભુખ્યા રેહેવું તે, લાંઘણ.
ફરાળ (ના) ફળોનો આહાર કરવો તે, વ્રતમાં ખાવાની ચીજો.

જાર (ના) જુવાર.
ડાંગર (ના) ભાત.

પાઠ ૯૦ મો.

ઘાંચી (ના) તેલી, તેલ દીવેલ વેચનારો.
કણુજીઉં (ના) કણુજીનું તેલ.
ઘાણી (ના) તેલ દીવેલી વગેરે પીલવાનો લાકડાનો સંચો.
સરશીઉં (ના) સરસવનું તેલ.
ફોલ્લા (ના) ગુમડાં.
પીલવું=દાબવું, કચડવું.
સઘળાં (વિ) બધાં.
સરસવ=સરસીઉં કાઢવાના રાઈ જેવા દાણા.
ડોળીઉં=ડોળીનું તેલ.
એરંડી (ના) દીવેલી.
ખોળ (ના) પીલતાં કુચો રહેછે તે.
ડોળી=મહુડાનાં બી.
સ્વાદ (ના) સારું.
કણુજી(ના) એક જાતના અળસીને મળતા ઝીણા દાણા.

પાઠ ૯૧ મો.

હકીકત (ના) વાત, વિસ્તાર, હેવાલ.
કાચુંકોરું (વિ) તળેલું.
ખંખેરી (ક્રિ) ઝાપટી.
સંજોરી (ના) ઘુઘરા ઘારી જેવું ખાંડવાળું ખાવાનું.
ખરખરીને (ક્રિ) ઘણોજ
દારૂખાનું (ના) આતસબાજી.
શીરો=એક જાતનું લચકા જેવું ખાવાનું.
ગેરૂ (ના) એક જાતની લાલ માટી.
ફુલકરણી (ના) ફુલકર.
જાળાં (ના) કરોળીઆનાં પડ.
ટેટા (ના) ફટાકા.
બચકો (ના) ગાંસડો.
ફટાકા (ના) ટેટા.
ઉધઈ=ધોળી કીડી.
મઢીઆં=(ના) મુઠીઆં
પેટારો=મોટી પેટી.
છછુંદરાં (ના) ફુલકરણી
ફરતાફરતાં=જુદાં જુદાં.
ચોપડે (ક્રિ) લગાવે.
ભારે=ઉંચા, કીમતી.
છોડેછે (ક્રિ) ફોડેછે.

(ભુગોળ વિષે).

દિશાઓ.

સવાલ—છોકરાઓ બોલો તો દિશાઓ કેટલી છે?

જવાબ—દિશાઓ ચાર છે; ઉત્તર, દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમ.

સ—દિશાઓ કેમ પારખવી તે તમે જાણો છો?

જ—હાજી, સૂરજ ઉપરથી, સૂરજ ન દેખાતો હોય તો ધ્રુવના તારા ઉપરથી; અને તે તારો પણ નહીં દેખાતો હોય તો વહાણના હોકાયંત્રથી.

સ—પૂર્વ અને પશ્ચિમ દિશા કેમ જાણવી?

જ—જેણી ગમ રોજ સૂરજ ઉગતો હોય તે પૂર્વ દિશા, અને સાંજે આથમતો હોય તે પશ્ચિમ દિશા જાણવી.

સ—ત્યારે ઉત્તર અને દક્ષિણ દિશા કેમ જાણીએ?

જ—આપણે પૂર્વ દિશા તરફ મોં કરીને ઉભા રહીએ, તો જેણીગમ આપણો ડાબો હાથ આવે તે ઉત્તર, અને જેણીગમ આપણો જમણો હાથ આવે તે દક્ષિણ દિશા જાણવી.

(વ્યાખ્યા).

સ—છોકરાઓ બોલો, તમે નકશો જોયોછે? નકશો તે શું?

જ—હાજી, નકશો એટલે આખી પૃથ્વી કે તેનો કોઇ ભાગ, કે દેશ કે શેહેર વગેરેનો જે નમુનો તે.

સ—દેશ કોને કહીએ?

જ—જેમાં ઘણાએક પ્રાંતો, ઇલાકા વગેરે આવેલાં તે.

સ—પ્રાંત કોને કહીએ?

જ—જેમાં ઘણાં એક સંસ્થાન, જીલ્લા. તથા માહાલ આવેલાં તે.

સ—ઇલાકો એટલે શું?

જ—જેમાં ઘણાં એક શહેરો તથા ખંડિઆ મૂલકો આવેલાં તે.

સ—જીલ્લો કોને કહીએ?

જ—જે ઘણાંએક પ્રગણાં મળી થયલો તે.

સ—પ્રગણું એટલે શું?

જ—જેમાં નાનાં નાનાં ગામો ઘણાં આવી એક તાલુકો બંધાયલો તે.

સ—ગામ કોને કહીએ?

જ—જ્યાં કે થોડાંક ઝુંપડાં (ઘર) ની વસ્તી હોય તે ગામ.

સ—ત્યારે ગામડું કોને કહીએ?

જ—જ્યાં ઘણાંજ થોડાં ઝુંપડાં જેવાં ઘરની વસ્તી હોય તે.

સ—તાલુકો એટલે શું?

જ—તાલુકો તો જે પ્રગણું કરીને કહેવાયછે તે.

સ—કસ્બો કોને કહીએ?

જ—પ્રગણાનું જે સૌથી મ્હોટું ગામ તે કસ્બો.

સ—શહેર કોને કહીએ?

જ—જ્યાં મ્હોટાં મ્હોટાં છોબંધ ને હારબંધ ઘર બાંધેલાં હોય, અને જ્યાં સારાં સારાં ચૌટાં તથા બજાર હોય ને જ્યાં ધમધોકારે સરો વેપાર ચાલતો હોય તે.

સ—બંદર એટલે શું?

જ—નદી કે દરિયા કાંઠે વેપારના મથકનું જે શહેર આવેલું તે.

સ—રાજધાની એટલે શું?

જ—રાજગાદીનું જે મ્હોટું શહેર તે.

સ—સંસ્થાન એટલે શું?

જ—રાજાઓના વસાવેલાં જે નાના નાના ખંડિયા મુલક તે.

સ—પૃથ્વી ઉપર પાણીના કયા કયા ભાગો થયલા છે?

જ—નદી, સરોવર, અખાત, ઉપસાગર, સામુદ્રધુની, સમુદ્ર, માહાસાગર.

સ—પણ પાણીના મ્હોટા ભાગો કેટલા છે, અને તે દરેકને શું કહેછે તેનો નામ દો ?

જ—તે પાંચ છે, અને તેમાંના દરેકને માહાસાગર કહેછે તેમનાં નામ ઉત્તર માહાસાગર, દક્ષિણ માહાસાગર, આટલાન્ટીક માહાસાગર, પાસિફીક અને હિંદી માહાસાગર.

સ—પૃથ્વીપર જમીનનાં કયા કયા ભાગો થયલા છે ?

જ—બેટ, સંયોગીભૂમી, ભૂશીર, દ્વિપકલ્પ અને ખંડ.

સ—પણ જમીનના સૌથી મ્હોટાં ભાગો કેટલા થયલા છે, અને તે દરેકને શું કહેછે તેનાં નામ દો ?

જ—તે ચાર છે, અને તેમાંનાં દરેકને ખંડ કહેછે, તેમનાં નામ; યુરોપ એશિયા, આફ્રિકા, અને અમેરિકા. એ શિવાય એક પાંચમો ખંડ છે તેને "આસ્ટ્રેલિયા" કરીને કેહેછે.

સ—અમેરિકા ખંડના કેટલા ભાગ થયલા છે ?

જ—બે, ઊત્તર અમેરિકા ને દક્ષિણ અમેરિકા.

સ—નદી કોને કહીએ ?

જ—જે પાણીનો ધોધ પર્વતમાંથી અથવા સરોવરમાંથી નીકળીને ઢળતી જગ્યામાં થઇને સમુદ્રને મળેછે તે.

સ—સરોવર કોને કહીએ ?

જ—આસપાસ ચોતરફ જમીન આવેલી ને વચમાં પાણી તે.

સ—અખાત કોને કહીએ ?

જ—જમીન ઉપર ઘણો લાંબો ગયલો સમુદ્રનો જે ફાંટો તે.

સ—ઉપસાગર કોને કહીએ ?

જ—અખાતનું મોં પહોળું થયલું તે.

સ—સામુદ્રધુની તે શું ?

જ—જે સાંકડો પાણીનો ભાગ પાણીના બે મ્હોટા ભાગને સાંધેછે તે.

સ—સામુદ્રધુનીથી ને સરોવરથી ઉલટું શું ?

જ—સામુદ્રધુનીથી ઉલટી સંયોગીભૂમી, અને સરોવરથી ઉલટો બેટ.
સ—સમુદ્ર, સાગર કે દરિઓ કોને કહીએ?
જ—માહાસાગર કરતાં જે નાનો પાણીનો ભાગ તે.
સ—ત્યારે માહાસાગર એટલે શું?
જ—માહાસાગર એટલે મ્હોટો સાગર અથવા દરિઓ; પૃથ્વી ઉપર ખારા પાણીનાં પાંચ ભાગ કીધા છે તેમાનો જે અકેકો ભાગ તે.
સ—બેટ કોને કહીએ?
જ—ચોતરફ ફરતું પાણી ને વચમાં જમીનનો ભાગ તે.
સ—સંયોગીભૂમી એટલે શું?
જ—સાંધનારી જમીન; (જે સાંકડો જમીનનો ભાગ જમીનના બે મ્હોટા ભાગને સાંધે છે તે.)
સ—ભુશીર, ભુશલાકા અથવા કેપ કોને કહીએ?
જ—જે જમીનની અણી લાંબી વધીને સમુદ્રમાં ગયલી તે.
સ—દ્વીપકલ્પ કોને કહીએ?
જ—જે જમીનનો ભાગ આસપાસ ત્રણ બાજુએ પાણીથી, અને એક બાજુએ જમીનથી વીટલાયલો તે;
સ—ખંડ કોને કહીએ?
જ—જમીનના મ્હોટા ભાગ જેમાં ઘણાં દેશો આવેલા હોયછે તે.
સ—ડુંગર, પાહાડ અને પર્વત કોને કહીએ?
જ—જમીન ઉપર જે મ્હોટા ઊંચા ટેકરા હોય તે ડુંગરા; એવા ઘણાં ડુંગર સાથે જોડાઇને પૃથ્વીની સપાટીથી ઘણાં ઊંચા ગયલા તે પાહાડ અને એવા એવા ઊંચા પાહાડ જોડાઇને સાથે લાંબા પથરાયલા તે પર્વત કેહેવાય છે.
સ—ખાડી કોને કહીએ?
જ—સમુદ્રને મળવાની આગમજ ભરતીનું પાણી માંહે આવે એવું નદીનું મૂખ જે પહોળું થાય તેને ખાડી કહેછે.
સ—નદીનું મૂળ અને મૂખ તે શું?
જ—જે પર્વત કે સરોવરમાંથી નદી નીકળેછે તે ઠેકાણને મૂળ, અને જ્યાં નદી, સમુદ્ર અથવા દરિયાને મળેછે તેને મૂખ કહેછે.

(અંકગણિતની સંખ્યા).

એક … … … …	૧
દશ … … … …	૧૦
સો … … … …	૧૦૦
હજાર … … … …	૧૦૦૦
દશ હજાર … … … …	૧૦૦૦૦
લાખ … … … …	૧૦૦૦૦૦
દશ લાખ … … … …	૧૦૦૦૦૦૦
ક્રોડ … … … …	૧૦૦૦૦૦૦૦
દશક્રોડ … … … …	૧૦૦૦૦૦૦૦૦
અબજ … … … …	૧૦૦૦૦૦૦૦૦૦
દશ અબજ … … … …	૧૦૦૦૦૦૦૦૦૦૦

(પરિમાણ.)

સત્તાવન … … … …	૫૭
છસો છત્રીસ … … … …	૬૩૬
ચારસો નવ … … … …	૪૦૯
સત્તરસો બાણું … … … …	૧૭૯૨
પંદરસો પાંચ … … … …	૧૫૦૫
બે હજાર, આઠસો બાર … … …	૨૮૧૨
ચાર હજાર, ચોરાણું … … …	૪૦૯૪
નવ હજાર, એકસો નેવું … … …	૯૧૯૦
સોળ હજાર, સાઠ … … … …	૧૬૦૬૦
પાંત્રીસ હજાર, ત્રણસો, તેર … …	૩૫૩૧૩
એકવીસ હજાર, બસો, બાણું … …	૨૧૨૯૨
એક લાખ, બાવન હજાર, બસો સાત … …	૧૫૨૨૦૭
ચાર લાખ, ચાર હજાર, નવસો, છ … …	૪૦૪૯૦૬
છ લાખ, સોળ હજાર, નવસો, ત્રીશ … …	૬૧૬૯૩૦

બાર લાખ, બાર હજાર, બે	૧૨૧૨૦૦૨
તેવીશ લાખ, ત્રણ હજાર, સાઠ	૨૩૦૩૦૬૦
સાત કરોડ, બોત્તેર લાખ, બાર હજાર, છસો, સોળ	૭૭૨૧૨૬૧૬
પંદર ક્રરોડ, પાંચ લાખ, બારસો, એકાવન ...	૧૫૦૫૦૧૨૫૧
નવ અબજ. સાત કરોડ, સોળ લાખ, એકસો ચૌદ	૯૦૭૧૬૦૦૧૧૪

પા	(સો)	તે	૨૫	પચ્ચીશ.
અડધો	(સો)	તે	૫૦	પચાશ.
પોણો	(સો)	તે	૭૪॥।	સોમાં પાવલું ઓછું.
પા	(હજાર)	તે	૨૫૦	બસો પચાશ.
અડધો	(હજાર)	તે	૫૦૦	પાનસો.
પોણો	(હજાર)	તે	૭૫૦	સાડી સાતસો.
પા	(લાખ)	તે	૨૫૦૦૦	પચ્ચીશ હજાર.
અડધો	(લાખ)	તે	૫૦૦૦૦	પચાશ હજાર.
પોણો	(લાખ)	તે	૭૫૦૦૦	પંચોતેર હજાર.
પા	(કરોડ)	તે	૨૫૦૦૦૦૦	પચીશ લાખ.
અડધો	(કરોડ)	તે	૫૦૦૦૦૦૦	પચાશ લાખ.
પોણો	(કરોડ)	તે	૭૫૦૦૦૦૦	પંચ્ચોતેર લાખ.

(હિંદુના મહિના).

૧ કારતક.	૪ માહા	૭ વૈશાખ,	૧૦ શ્રાવણ.
૨ માગસર.	૫ ફાગણ.	૮ જેઠ.	૧૧ ભાદરવો.
૩ પોસ.	૬ ચૈતર.	૯ અસાડ.	૧૨ આસો.

(હિંદુની તિથીઓ).

૧ પડવો.	૫ પાંચેમ	૯ નોમ	૧૩ તેરસ
૨ બીજ	૬ છઠ્ઠ	૧૦ દસેમ	૧૪ ચૌદસ
૩ ત્રીજ	૭ સાતમ	૧૧ અગીઆરસ	૧૫ પુનેમ
૪. ચોથ	૮ આઠેમ	૧૨ બારસ	૩૦ (અમાસ

(અંગ્રેજી મહિના).

૧ જાનેવારી	૩૧	૫ મે	૩૧	૯ સપ્ટેમ્બર	૩૦
૨ ફેબ્રુઆરી	૨૮	૬ જુન	૩૦	૧૦ અક્ટોબર	૩૧
૩ માર્ચ	૩૧	૭ જુલાઈ	૩૧	૧૧ નવેમ્બર	૩૦
૪ એપ્રિલ	૩૦	૮ આગષ્ટ	૩૧	૧૨ ડિસેમ્બર	૩૧

(પારસીના મહિના).

૧ ફ્રરવરદીન	૫ અમરદાદ	૯ આદર
૨ અરદીબેસ્ત	૬ સહરેવર	૧૦ દેહે
૩ ખોરદાદ	૭ મેહેર	૧૧ આદર
૪ તીર	૮ આવાં	૧૨ અસપંદાદ

(પારસીના ૩૦ રોજ).

૧ હોરમજદ.	૧૧ ખોરશેદ.	૨૧ રામ.
૨ બહમન.	૧૨ મોહોર.	૨૨ ગોવાદ.
૩ અરદીબેસ્ત.	૧૩ તીર.	૨૩ દેપદીન.
૪ શહરેવર.	૧૪ ગોસ.	૨૪ દીન.
૫ અસપંદાદ.	૧૫ દપમહેર.	૨૫ આસીસન.
૬ ખોરદાદ.	૧૬ મેહેર.	૨૬ આસતાદ.
૭ અમરદાદ.	૧૭ સરોસ.	૨૭ અસમાન.
૮ દેપાદર	૧૮ રશને.	૨૮ જમીઆદ.
૯ આદર.	૧૯ ફ્રરવરદીન.	૨૯ મારેશપંદ.
૧૦ આવાં.	૨૦ બેહેરામ,	૩૦ અનેરા.

(મુસલમાની મહિના).

૧ મોહરમ.	૫ જમાદીલ અવલ.	૯ રમજાન.
૨ સફ્રર.	૬ જમાદીલ આખર.	૧૦ સવાલ
૩ રબીઉલ અવલ.	૭ રજબ.	૧૧ જીકાદ.
૪ રબીઉલ આખર.	૮ શાબાન.	૧૨ જીહજ.

(દરેક પાઠમાં આવેલા જોડાક્ષર).

આવડ્યા.
લાવ્યા.
પૂછ્યું.
બોલ્યો.
મગાવ્યો.
કહ્યું
વાળ્યો.
કાઢ્યો.
સુગ્માર્ગ.
પ્રસાદ.
ટટ્ટુ.
જલ્દી.
સમજાવ્યું.
કાવ્યા.
ડાહ્યો.
માન્યું.
પ્રાણ.
ચિત્ત.
અવસ્થા.
વાગ્યા.
મંડ્યા.
મૂક્યું.
ડાહ્યાં.
અલ્યા.
નીકળ્યો.
બચ્યું.
માંડ્યા.

પીગળ્યાથી.
ધ્યાન.
નિર્ગે.
રત્નો.
ચોપડ્યાં.
આવ્યા.
ઠોક્યા.
ચિત્ર.
જન્મતી.
પ્રાણ.
માન્યું.
સાંખ્યા.
સ્નેહ.
અપાવ્યું
ચંદ્રમા.
સરસ્વતી.
વિદ્યા.
શુદ્ધ.
ઇચ્છા.
ચચ્ચાર.
ઊગ્યા.
ભત્રીજે.
ફેડાવ્યું.
વાસ્તો.
અખાત્રીજ.
ચૈત્રમાં.
શ્રાવણ.

પહેરાવ્યાં.
અડક્યો.
જન્મગાંઠ.
પ્રમાણે.
ખસેડ્યા.
ખાતરાવ્યા.
આવ્યો.
ક્યાંથી.
મળ્યાંવિના.
વાંચ્યું.
પસ્તાય.
વચ્ચે.
ફેલીવારે.
મુદ્દલ.
લાગ્યું.
સમજ્યો.
વસ્તુ.
ધાન્ય.
માંડ્યું
છેતર્યા.
ઇશ્વર.
પૃથ્વી.
પરમેશ્વર.
સ્લેટ.
મૂક્યાં.
કહ્યાં.
અજ.

વચ્ચે.
પહોંચ્યો.
દુર્લભ.
પ્રેમ.
ભાગ્યશાળી.
મંડ્યો.
રડ્યું ખડ્યું.
બગાડ્યું.
કુરચી.
ફુલાવ્યું.
ખર્ચ ખટણ.
આડોશી પાડોશી.
માંડ્યું.
નાંખ્યા.
બચ્ચાંજ.
ફાવ્યું.
ઉડ્યા.
ગબડ્યો.
બળાવ્યું.
મૂક્યાં.
સાંભળ્યું.
કોઠા.
નીકળ્યાં પછી.
કાચું કોરૂં.
ફૂલકરણી.
ઉઘાડ બુઘાડ
છછુંદરાં.

જાહેર ખબર.

નીચે લખેલી ચોપડીઓ સુરતમાં, ચૌકબજાર, નાણાંવટ અને ભાગાતળાવના બુકસેલરો; **મુંબઈમાં** બુકસેલર આગળ માધવજી કેશવજીના માળામાં **ડાહ્યાભાઈ જગજીવનદાસ;** કાળબાદેવી આગળ દામોદરદાસ ઈશ્વરદાસ, તથા શેરીઆરજી હોરમસજી, તથા પંડીત જેઠારામ મુકુંદજી. મગનજી પરમાનંદ આઉવાળા; વિઠ્ઠલવાડીને નાકે બાળકૃષ્ણ રઘુનાથ બુકસેલરો; ધોબીતળાવ આગળ એદલજી નોશરવાનજી કરાણી બુકસેલર, જકરીઆ મસીદ રઘુનાથ પરશોતમ; કોટમાં જહાંગીરજી બેહરામજી કરાણી તથા શાપુરજી રુસ્તમજી મોડક; તથા એજ. મીશ્રીની કું૦. બુક સેલરો; **વલસાડમાં** દુલાભદાસ પરભુદાસ બુકસેલર; **ભરૂચમાં** કતોપોરના બજારમાં કાગદી કાદરભાઈ બુકસેલર; **રાજકોટમાં** પરસોતમ પરમાનંદ અને **કરાંચીમાં** શ્રીકૃષ્ણજી પીતારામ નુરદીન જીવાખાન બુકસેલર; **કચ્છમાંડવી** જીવરામ હરીશંકર દવે, આ ચોપડીઓ પ્રીન્ટર પાસેથી વેચાતી મળશે. ચોપડીઓના કમીશન વગેરેની બાતમી જાણવી હોય તો **મુંબઈમાં ડાહ્યાભાઈ જગજીવનદાસ** અને **સુરતમાં** સગરામપુરે **મી૦ નગીનદાસ ફકીરભાઈ કાશીદાસને** પોસ્ટપેડ કાગળ લખી જણાવવું. જથાબંધ લેનારને સારૂં કમીશન મળશે.

૦-૧-૬ ગુજરાતી પે૦ ચોપડીના અર્થ.
૦-૨-૦ ગુ૦ બીજીના અર્થ.
૦-૩-૦ ગુ૦ ત્રીજીના અર્થ.
૦-૪-૬ ગુ૦ ચોથીના અર્થ.
૦-૫-૦ ગુ૦ પાંચમીના અર્થ.
૦-૬-૦ ગુ૦ છઠ્ઠીના અર્થ.
૦-૮-૦ ગુ૦ સાતમીના અર્થ.
૦-૩-૦ ગુ૦ બાળમિત્રના અર્થ.
૦-૨-૦ સુરત જીલ્લાની ભૂગોળ.
૦-૨-૦ મુંબઈ ઇલાકાની ભૂગોળ.
૦-૩-૦ હિંદુસ્તાનની ભૂગોળ.
૨-૦-૦ **છેલની વાર્તા** (બધીજ રમુજી).
૨-૦-૦ **બદીઅલજમાલ પ**રીની વાર્તા (બધીજ રમુજી).
૦-૧૨-૦ સુરખાની વાર્તા.
૦-૮-૦ આલુરશીમની વાર્તા.

૦-૧૦-૦ **રસીલી મનોરંજક વાર્તા** શેર રાજા અલાદીન, લાલ ગોવાળ, નાગજી આહીર, નાથાશા વાણીઆ, તથા મગરાજીની વાર્તા.
૦-૬-૬ કોહેડા સંગ્રહ.
૦-૩-૦ ચિત્ર પોથી.
૦-૧-૦ આંકની ચોપડી.
૦-૧-૦ કોપીની ચોપડી.
૦-૩-૦ ગ્રામરના મીનિંગ.
૦-૪-૦ અંગ્રેજી પેહેલી ચોપડીના મીનિંગ તરજુમા સહિત.
૦-૬-૦ સેકન્ડ બુક પાર્ટ ફર્સ્ટના મીનિંગ તરજુમા સહિત.
૦-૧૦-૦ સે. બુ. પા. સે. ના મીનિંગ.
૦-૧૨-૦ થર્ડ બુકના મીનિંગ.
૦-૩-૦ મુ. શે. આ. ના મીનીંગ.